# સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં મેઘ મહેર

## ઉમરપાડા ખાતે ચાર ઇંચ : સૌરાષ્ટ્રના પંથકોમાં હળવાથી ભારે વરસાદને લઇ ચોમાસાનો માહોલ : ગુજરાતના સોમનાથ, સુત્રપાડા, અમરેલી, દ્વારકા, સુરત, નવસારી, આહવા, પાટણ, ડાંગ અને રાધનપુર સહિત પંથકોમાં ધોધમાર વરસાદથી પાણી ભરાયા

અમદાવાદ, તા. ૨૬

ગુજરાતમાં મોનસુન હજુ પણ જોરદારરીતે સક્રિય છે અને ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આજે સાર્વત્રિક વરસાદ થયો હતો. દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ અકબંધ રહ્યો હતો. મોર્નિંગ સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ દક્ષિણ મહારાષ્ટ્રના દરિયાકાંઠા ઉપર સ્થિત છે જેથી ભારે વરસાદ થઈ રહ્યો છે. સાર્વત્રિક વરસાદના લીધે વરસાદનો આંકડો પણ રાજ્યમાં અવિરતપણે વધી રહ્યો છે. ઉંમરપાડામાં ચાર ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે જ્યારે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ થયો છે. ભાદરવો મહિનો કયારનોય શરૂ થઇ ગયો હોવાછતાં આ વર્ષે હજુ મેઘરાજાએ તેમની અવિરત કૃપા વરસાવવાનું ચાલુ રાખ્યું છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર પંથકના મોટાભાગના વિસ્તારોમાં હજુ પણ હળવાથી ભારે વરસાદના ઝાપટાં ચાલુ છે, જેને લઈ ચોમાસાનો માહોલ જાણે યથાવત્ હોય તેવો માહોલ બન્યો છે. આજે ખાસ કરીને રાજકોટ, ગોંડલ, જેતપુર, લોધિકા, મેટોડા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પણ આજે સારો એવો વરસાદ નોંધાયો હતો. સુરત જિલ્લાના ઉમરપાડામાં બે કલાકમાં ચાર ઈંચ વરસાદ પડ્યો હતો. જેને લઈ સમગ્ર પંથકમાં ભારે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. આજે દક્ષિણ ગુજરાતના ૨૨ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદની સાથે સુરતના સરથાણા વિસ્તારમાં વીજળી પડી હતી. જેના કારણે લોકોમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં સવારથી જ વરસાદી માહોલ જોવા મળી રહ્યો હતો. અસહ્ય બફારા વચ્ચે બપોર બાદ રાજકોટ જિલ્લામાં વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. કાળા ડિબાંગ વાદળો વચ્ચે વરસાદ વરસ્યો હતો. પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો.

રાજકોટ શહેરમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ, કાલાવડ રોડ, ગોંડલ ચોકડી સહિતના વિસ્તારોમાં વીજળીના કડાકા ભડાકા સાથે ધીમી ધારે વરસાદ પડતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. જ્યારે લોધિકા, મેટોડા, પડધરી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા. રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણીમાં દોઢથી બે ઈંચ વરસાદ નોંધાયો હતો. રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણીમાં ધોધમાર દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે લોધિકામાં અડધાથી એક ઈંચ સુધીનો વરસાદ નોંધાયો હતો. ખીરસરામાં પવનના સુસવાટા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો.

બીજીબાજુ, રાતૈયા, વાજડી સહિતના ગામોમાં સારો એવો વરસાદ ખાબકયો હતો. તો, આજે સુરતના બારડોલી, મહુવા, માંડવી, પલસાણા સહિતના પંથકોમાં સારો એવો વરસાદ વરસ્યો હતો. સાથે સાથે નવસારી, વાપી, વાસંદા, ચીખલી સહિતના પંથકોમાં પણ ધોધમાર વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં પાણી જ પાણીના દ્રશ્યો જોવા મળતા હતા.

## ધનસુરા તાલુકા આરોગ્ય કચેરી દ્વારા ''આયુષ્યમાન ભારત'' પખવાડિયાની ધામધૂમ પૂર્વક ઉજવણી



ધનસુરા, તા. ૨૬

આયુષ્યમાન ભારત અંતર્ગત ધનસુરા તાલુકામાં તાલુકા આરોગ્ય કચેરી દ્વારા જીલ્લામાં આરોગ્યલક્ષી સેવાઓ માટે અને આરોગ્ય જનજાગૃતિ કાર્યક્રમો વિવિધ કાર્યક્રમો યોજાયા હતા તાલુકાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઢોલ નગારા સાથે રેલી, સપ્તધારાના માધ્યમથી પપેટ શો અને ભવાઈના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

એન.એસ.ડી નિદાન કેમ્પનું આયોજન તેમજ હેલ્થ અને વેલનેસ સેન્ટરોમાં ખાતે આયુષ્માન ભારત અંતર્ગત સગર્ભા બહેનોની ચકાસણી તેમજ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હોવાનું તાલુકા આરોગ્ય અધિકારી ગોસ્વામીએ જણાવ્યું હતું.

### કે.બી. કર્ણાવત પ્રાથમીક શાળાના

## એસપીસીના વિદ્યાર્થીઓ દ્વારા જિલ્લાની જેલની મુલાકાત

પાલનપુર, તા. ૨૬

પાલનપુર શ્રી કે.બી. કર્ણાવત પ્રાથમીક શાળાના એસપીસીના વિદ્યાર્થીઓ દ્વારા આજરોજ જિલ્લા જેલની મુલાકત લેવામાં આવી હતી.અને કેદીઓને કેવીરીતે રાખવામાં આવે છે.તેમજ જેલના કેવા પ્રકાસના નિયમો હોય છે.તેનાથી અવગત કરાવવામાં આવ્ય હતા.

પાલનપુરની શ્રી કે.બી.કર્ણાવત પ્રાથમીક શાળાના સ્ટુડન્ટ પોલીસ ક્રેડેટના વિદ્યાર્થીઓ દ્વારા આજરોજ પૂર્વ પોલીસ સ્ટેશન મારફત જિલ્લા જેલની મુલાકાત લીધી હતી.જેમાં જિલ્લા જેલ અધિકારી વી.પી.ગોહીલ દ્વારા એસપીસીના વિદ્યાર્થીઓને જેલનું નિરીક્ષણ કરાવી જેના કેદીઓને કેવા પ્રકારે રાખવામાં આવે છે.તેમજ જેલના કેવા નિયમો હોય છે.તેનુ કેવી રીતે પાલન કરવાના હોય છે.તેમજ કેવા પ્રકારના ગુનાઓના કેદીઓને જિલ્લાની જેલમાં રાખવામાં આવે છે.તે અંગે માહીતગાર કારવામાં આવ્યા હતા.આ કાર્યક્રમામાં જિલ્લા જેલ અધિકારી વી.પી.ગોહીલ,કર્ણાવત પ્રાથમીક શાળાના એસપીસીના સીપીઓ રૂપલ લુણેચીયા,તેજશ પટેલ,પૂર્વ પોલીસ સ્ટેશનના એએસઆઈ રાજેન્દ્ર ચાવલા,એડીઆઈ પુનમબેન પઢીયાર સહીતના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## તલોદ તાલુકાના મોટાચેખલા ગામે વીજ ડીપીઓ પર વેલા-પાંદડાનુ સામ્રાજ્ય



તલોદ, તા. ૨૬

મોટાચેખલા ગામે ખેતરમાં જતા રસ્તાઓ પર વીજપોલ આવેલા છે. જે રસ્તા ઉપર સવાર-સાંજ બળદ-ગાડાં અને અન્ય વાહનોની અવરજવર વધુ હોય છે. પરંતુ રોડ ઉપર ઉત્તર ગુજરાત વીજ કંપનીના ૪ થી ૫ પોલ અને અન્ય એક ડીપી આવેલ છે. જેના ઉપર હાલમાં ચોમાસાની સિઝનને લઈ વેલા-પાંદડાઓનું સામ્રાજ્ય છવાયેલુ છે. વીજ કંપનીની અઘોર લાપરવારીના કારણે ભયંકર વીજ દુર્ઘટના સર્જવાની દહેશત વર્તાય છે. એટલુ જ નહી આજુબાજુ રહીશોના મકાનો શોર્ટશર્કિટ સાથે ફોલ્ટ પણ સર્જાવાની શક્યતા પણ નકારી શકાતી નથી. આ રસ્તા ઉપર પસાર થતા બળદગાડા અને વાહનચાલકો રાહદારીઓ જીવ પડીકે બંધાયા છે જેની ગંભીરતાથી લઈ વીજ કંપનીના સત્તાધીશો ભયજક ભાસતા થાંભલા તથા ડીપી બાબતે પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

અહીંયા હેલ્પર હિતેશભાઈ પટેલ દ્વારા આપખુદશાહી ચલાવાય છે. વારંવાર રજુઆત કરવા છતા મોટોચેખલા ગયા વર્ષે ખેતી વિષયક વીજજોડાણના ૩ થી ૪ લાખ રૂપિયાની ચોરી પકડાઈ હતી અને જ્યોતિગ્રામ વિકાસ યોજના પણ લગભગ બે લાખ સુધી ચોરી પકડાઈ હોવા છતા આ હેલ્પર ઉપર કોઈ પગલા ભરાતા નથી. કારણ કે અધિકારીઓ માનીતો હેલ્પર હોય તેમ લાગી રહ્યુ છે. વીજબીલ ભરવા જતાં લોકો જોડે ઉદ્ધતાઈભર્યો જવાબ આપવામાં આવે છે અને ગ્રાહક જોડે ઝઘડા કરી અધુરૂ બીલ નહી લેવામાં આવે તેવી દાદાગીરી કરી ઓફિસમાં બેઠાલા અધિકારી જોડે વિડીયો ગ્રાહકોનો ઉતારવામાં આવે છે. મશ્કરી કરે છે. હિતેશ પટેલ હેલ્પર દ્વારા વિજકંપની દ્વારા ઉતારેલા વાયરો પણ ફરી ચઢાવવામાં આવે છે. હપ્તા લેવા આવે છે તેવી લોકમુખે ચર્ચાએ વેગ આપ્યો છે. યોગ્ય કાર્યવાહી કરવા ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે.

## પ્રાંતિજ, હિંમતનગરમાં અડધો ઈંચ ઈડરમાં દોઢ ઈંચ વરસાદ

હિંમતનગર, તા. ૨૬

અરબી સમુદ્રમાં સર્જાયેલા લો-પ્રેસર બાદ ગુજરાતમાં અનેક ઠેકાણે વરસાદ પડી રહ્યો છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ઈડરમાં એક ઈંચથી વધુ અને હિંમતનગર, પ્રાંતિજમાં અડધા ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. જેને લઈને ખેડૂતોના વિવિધ પાકોને નુકસાન થયાની ભીતી સેવાઈ રહી છે. દરમ્યાન ગુરૂવારે બપોરે હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં હળવો વરસાદ પડ્યો હતો.

ડિઝાસ્ટર વિભાગના સુત્રોના જણાવાયા મુજબ છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં અંદાજે ૨૯ મીમી જ્યારે પ્રાંતિજમાં ૧૯ અને હિંમતનગરમાં ૧૬ મીમી વરસાદ થયો હતો. તેજ પ્રમાણે તલોદમાં ૧૧, ખેડબ્રહ્મામાં ૧૦, વડાલી ૫ અને વિજયનગર પંથકમાં ૪ મીમી વરસાદ પડ્યો છે. બીજી તરફ વાતાવરણમાં બાફ અને ઉકળાટ હજુ સુધી ઓછો થતો નથી. જેના લીધે નવરાત્રી દરમ્યાન પણ વરસાદ થવાની શક્યતા નકારી શકાતી નથી.

જિલ્લામાં કેટલાક દિવસોથી વરસાદી માહોલમાં કોઈ સુધારો જણાતો નથી. જેને લઈને જિલ્લામાં રોગચાળાનુ પ્રમાણ વધવાની શક્યતા જણાઈ રહી છે. હાલ તો ખેડૂતો વરસાદ ન થાય તે માટે મેઘરાજાને વિનવણી કરી રહ્યા છે. જો નવરાત્રીમાં વરસાદ ચાલુ રહેશે તો તેના લીધે ચોમાસુ પાકોને વ્યાપક નુકસાન થઈ શકે તેમ છે. દરમ્યાન ગુરૂવારે બપોરે હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં પડેલા હળવા વરસાદ બાદ બાફ અને ઉકળાટ વધી ગયો હતો.

## સાબરકાંઠા-અરવલ્લીના દૂધ ઉત્પાદકોને સૌથી વધુ ભાવ ચુકવતી સાબરડેરી

### પ૨૧૧ કરોડનુ ટર્ન ઓવર ધરાવતી સાબરડેરીની પપમી સાધારણ સભા સંપન્ન

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે જીવનોત્થાન અને જીવાદોરી સમાન એવી સાબરડેરીની ગુરૂવારે ૫૫ મી વાર્ષિક સાધારણ સભા ડેરીના સભાખંડમાં બંને જિલ્લાના દૂધ ઉત્પાદક મંડળીઓના ચેરમેનોની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં વર્ષ દરમ્યાન અંદાજે રૂ. ૫૨૧૧ કરોડનુ ટર્નઓવર અંગે ડેરીના ઈન્ચાર્જ ચેરમેન તથા એમડીએ અહેવાલ રજુ કર્યો હતો.

આ અંગે ઈન્ચાર્જ ચેરમેન જયંતીભાઈ પટેલ તથા એમડી ડૉ. બી.એમ. પટેલના જણાવ્યા મુજબ સાબરડેરી દ્વારા દૂધ ઉત્પાદકો પાસેથી ખરીદવામાં આવતા ગાય અને ભેંસના દૂધમાંથી અન્ય બનાવટો બનાવીને અમુલના માર્કા હેઠળ માર્કેટીંગ કરવામાં આવે છે. જેમાં ખાસ કરીને દૂધમાંથી બનાવાતા પાવડરની માંગ અન્ય દેશોમાં વધુ રહેતી હોવાથી પાવડરનો જથ્થો વધુ બનાવવામાં આવે છે. જોકે છેલ્લા દોઢ વર્ષથી આંતરરાષ્ટ્રીય બજારમાં દૂધના પાવડરના ભાવ ઘટી જતા દૂધ ઉત્પાદકોને સહન કરવાનો વખત આવ્યો હતો. પરંતુ છેલ્લા છ માસથી પાવડરની માંગ વધવાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રતિ કિલોનો ભાવ રૂ. ૩૦૦ થઈ ગયો છે. જેનો સીધો ફાયદો બંને જિલ્લાના દૂધ ઉત્પાદકોને મળે તે આશયથી તાજેતરમાં ગાય અને ભેંસના દૂધના ભાવમાં વધારો કરાયો છે. જેના લીધે બંને જિલ્લાના દૂધ ઉત્પાદકોને માસિક રૂ. ૭ કરોડનો ફાયદો થશે. ઉપરાંત રૂ. ૫૨૧૧ કરોડનું ટર્નઓવર કરતી સાબરડેરી દ્વારા પશુપાલકોની ચિંતા કરીને વિવિધ યોજનાઓ અમલી બનાવીને તેનો ફાયદો પશુપાલકોને અપાઈ રહ્યો છે. જેના ફળસ્વરૂપે દૂધ ઉત્પાદકોને સરેરાશ રૂ. ૭૧૦ પ્રતિકિલો ફેંટના અપાઈ રહ્યા છે. દૈનિક ૨.૫૯ લાખ લીટર દૂધનુ સંપાદન કરતી સાબરડેરીએ મંદીના સમયગાળામાં પણ એકપણ દિવસ દૂધ ઉત્પાદકો પાસેથી દૂધ ખરીદવાનુ બંધ કર્યુ નથી.

## કુપોષણ મુક્ત જિલ્લો - તંદુરસ્ત જિલ્લો બનાવવા ટીમ ગાંધીનગરનું લક્ષ્ય છે : કલેક્ટર

### કુપોષણ મુક્ત અભિયાન માટે અલાયદુ કેલેન્ડર પણ બનાવવામાં આવ્યુ છે : ૨૦૦થી વધુ અધિકારીઓનો આ દૃઢ સંકલ્પ છે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાને કુપોષણ મુક્ત બનાવવા માટે જિલ્લાતંત્રએ એક ખાસ કેલેન્ડર તૈયાર કર્યુ છે.

જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ જણાવ્યુ છે કે કુપોષણથી પિડાતી સગર્ભા મહિલાઓને પણ રક્ષિત કરવા સહિતનો આ આખોય પ્રોજેક્ટ કેલેન્ડરમાં આવરી લેવામાં આવેલ છે.

તેમણે જણાવ્યુ હતુ કે આ માટે ૧૬૨ જેટલા અધિકારીઓની ટીમ બનાવવામાં આવી છે અને તેમનુ મોનીટરીંગ કરવા માટે બીજા ૨૮ અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. આ ટીમ આવા બાળકો અને માતાઓને દત્તક લઈ તેમને પોષણની કીટ સમયસર આપશે. આ કીટ દર પંદર દિવસે આપવામાં આવશે. તેમણે કહ્યુ કે ૧૨ અધિકારીઓની ટીમ દ્વારા આ અભિયાનનુ સતત પૃથ્થકરણ પણ કરી અને રિપોર્ટ કાર્ડ તૈયાર કરશે.

જિલ્લામાં ૪૨૬૫ બાળકો જે કુપોષિત છે અને તેમાંથી ૭૩૬ જેટલા બાળકો અતિ કુપોષિત છે. આ બાળકોને તંત્ર દ્વારા શક્તિ ન્યુટ્રી આહાર તૈયાર કરવામાં આવ્યુ છે જે અપાશે. જેમાં મિનરલ્સ અને વિટામીન્સથી ભરપૂર હશે.

તેમણે જણાવ્યુ હતુ કે આ સ્પેશ્યલ ફુડ બજાજ ફૂડ લિમિટેડ દ્વારા બનાવવામાં આવ્યુ છે અને સમગ્ર પ્રોજેક્ટને અનુદાનિત કરવામાં એનજીસી આઈઓસી અને લોકકલ્યાણ ફાઉન્ડેશન જેવી સંસ્થાઓનો સમાવેશ થાય છે.

જિલ્લાના ૩૦૩ ગામ અને ૧૦૬૮ આંગણવાડીના બાળકોને આનો લાભ મળશે. કલેક્ટર લાંગાએ જણાવ્યુ હતુ કે આ પ્રોજેક્ટ પણ ટૂંકમાં જ રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી સાહેબના વરદહસ્તે લોકાપણ કરવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે જિલ્લો કુપોષણ મુક્ત બનાવવાનો સંકલ્પ ટીમ ગાંધીનગરે લીધો છે. જિલ્લો કુપોષણમુક્ત બને એ જ લક્ષ્ય ટીમ ગાંધીનગરનું છે. આઈ.સી.ડી.એસ. લોકકલ્યાણ ફાઉન્ડેશન, આરોગ્ય વિભાગ તેમજ જિલ્લા વહીવટીતંત્રના સબળ પ્રયાસોને લઈ આ પ્રજેક્ટ અમલમાં આવી રહ્યો છે. જિલ્લો તંદુરસ્ત જિલ્લો રાજ્યમાં પ્રથમ બને તે લક્ષ્ય છે.

## લગેજ ઉત્પાદક ગોબલીન ઈન્ડીયાનો રૂ.૧૫ કરોડનો એસએમઈ આઈપીઓ ખૂલવા માટે સજ્જ




અમદાવાદ:

અમદાવાદ સ્થિત લગેજ કંપની ગોબલીન ઈન્ડીયા કે જે ભારત અને ફ્રાન્સમાં વ્યાપક હાજરી ધરાવે છે તે રૂ.૧૫ કરોડના એસએમઈ આઈપીઓ સાથે મૂડી બજારમાં પ્રવેશી રહી છે. આ આઈપીઓ ખૂલવાની કામચલાઉ તા.૨૯મી સપ્ટેમ્બર નક્કી કરાઈ છે અને ભરણું તા.૫ ઓકટોબરના રોજ બંધ થશે.

ગોબલીન ઈન્ડીયાનો ઉદ્દેશ રૂ.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા અંદાજે રૂ.૫૫થી ૬૦ની કિંમત વાળા ૨૯.૨૪ લાખ ઈક્વિટી શેર બહાર પાડીને ૧૫ કરોડ ઉભા કરવાનો છે. આશેર્સનું લીસ્ટીંગ બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ ઉપર કરવામાં આવશે.

અમદાવાદ સ્થિત આ લગેજ કંપની જાહેર ભરણું લઈને આવનાર લગેજ ઉદ્યોગની ત્રીજી કંપની બની રહેશે. આ ભરણાં દ્વારા પ્રાપ્ત થનાર ચોખ્ખી રકમનો ભારતમાં ઉત્પાદન એકમ સ્થાપવા માટે અને વિતરકોની સંખ્યા ૩૦૦ થી વધારીને ૧૦૦૦ સુધી પહોંચાડવા માટે ઉપયોગ કરવામાં આવશે.

કંપનીને જયપુર રગ્ઝના જયપુર સ્થિત ઉદ્યોગપતિ શ્રી યોગેશ ચૌધરી તરફથી રૂ.૧ કરોડનું પ્રિ-ઈન્વેસ્ટમેન્ટ પ્રાપ્ત થયું છે.

ગોબલીન ઈન્ડીયાએ તેના આઈપીઓ લીડ મેનેજર તરીકે ફાસ્ટ-ટ્રેક ફીનસેકની નિમણુંક કરી છે અને ૩૬૦ ફાયનાન્સિયલ્સ એલએલપી તેના લીડ એડવાઈઝર છે.

ગોબલીન ઈન્ડીયાને છેલ્લા થોડાંક વર્ષમાં ગ્રાહકો તરફથી ઉત્કૃષ્ટ પ્રતિભાવ પ્રાપ્ત થયો છે અને તે ભારતની લોકપ્રિય લગેજ કંપની બની છે. ૮૦ વેન્ડર્સ સાથે સહયોગ ધરાવતી આ કંપનીએ સમગ્ર દેશમાં વ્યાપક નેટવર્ક ઉભુ કર્યું છે. આ કંપનીએ ઓનલાઈન બજાર હાંસલ કરવા માટે એમેઝોન અને ફ્લીપકાર્ટ જેવા ઈ-કોમર્સ પ્લેટફોર્મ સાથે પણ જોડાણ કર્યું છે.



**ખેડબ્રહ્મામા રામકથામાં સીતા-રામ વિવાહ ઉત્સવ યોજાયો**

ખેડબ્રહ્મણ રાધાકૃષ્ણ મંદિરમાં ૨૦ સપ્ટેમ્બરથી સંગીતમય રામકથાનું કથાનુ આયોજન કરવમાં આવ્યું છે. વ્યાસ પીઠ પર અંબાજીના સંત રામ ગોપાલદાસજી મહારાજ બિરાજી કથાનું રસપાન કરવી રહ્યા છે. મંગળવારના રોજ કથામાં રામ સીતા વિવાહ ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. જેમાં વિવાહ ઉત્સવના યજમાન તરીકે શિલ્પાબેન રામી, કાંતાબેન દરજી, અલ્પાબેન પટેલ ધર્મલાભ લીધો હતો. રામના રૂપમાં આરતી રામી અને સીતાના રૂપમાં દિશા સુથારે શ્રોતાઓમાં આકર્ષણ જમાવ્યું હતું. સીતા-રામ વિવાહ ઉત્સવમાં ભાવિક ભક્તોએ કન્યાદાન કરી ધન્યતા અનુભવી હતી. કથાની પુર્ણાહુતી શનિવારના રોજ થશે અને પોથી વિસર્જનના યજમાન તરીકે શારદાબેન જયંતીભાઈ પટેલ લાભ લેશે. સંગીતમય કથાનો મોટી સંખ્યામાં ભક્તો લાભ લઈ રહ્યા છે.

## પીકઅપ ડાલુ પલ્ટી જતા મહિલાનું મોત

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગરના ખેડતસીયા રોડ પરથી બે દિવસ અગાઉ જઈ રહેલા એક પીકઅપ ડાલાના ચાલકે ડાલાને બેફીકરાઈ અને ગફલભરી રીતે હંકારી ડિવાઈડર સાથે અથડાવી દેતા એક મહીલાનુ ગંભીર ઈજાનો કારણે મોત નીપજ્યુ હતુ. જે અંગેની ફરીયાદ બુધવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે હિંમતનગર તાલુકાના નવા ગામના કાલીદાસ શવાભાઈ નવાકરે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ હિંમતનગરના ખેડતસીયા રોડ પરથી પીકઅપ ડાલા નં. જીજે. ૦૯.વી.૯૫૨૫ના ચાલક શૈલેષભાઈ સોમસિંહ ઝાલાએ પીકઅપ ડાલાને બેદરકારી અને ગફલતભરી રીતે હંકારીને રોડના ડિવાઈડર સાથે ટકરાવી દેતા પીકઅપ ડાલુ પલ્ટી ખાઈ ગયુ હતુ. જેના લીધે નવા ગામના શારદાબેન શવાભાઈ નવાકરનુ ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ. તથા પીકઅપ ડાલામાં બેસીને જઈ રહેલ અન્ય કેટલાક લોકોને ઈજા થઈ હતી. અકસ્માત થયા બાદ પીકઅપ ડાલાના ચાલક શૈલેષસિંહ ભાગી ગયા હતા. જેથી કાલીદાસ નવાકરે તેમની વિરૂદ્ધ બુધવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

### પૂરનો કહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પુણેના ડિસ્ટ્રિક્ટ કલેક્ટર નવલ કિશોર રામે વરસાદ અને પૂરની સ્થિતને જોતાં ગુરુવારે તમામ સ્કૂલો અને કોલેજોમાં રજા જાહેર કરી દેવાઈ હતી.

નોંધનીય છે કે, પુણેમાં ચોમાસું ઘણું સક્રિય છે જેના કારણે ત્યાં સતત ભારે વરસાદ પડી રહ્યો છે. અનેક સ્થળે વૃક્ષો અને વીજથાંભલા પડતાં અનેક ગાડીઓને નુકસાન થયું છે.

### હની ટ્રેપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પિતાની વયના હોવાનુ ખુલ્યુ છે. એસઆઈટીએ હની ટ્રેપ કૌભાંડ ચલાવનાર શ્વેતા નામની યુવતી સામે કેટલીક યુવતીઓને રજૂ કરી છે. એસઆઈટીની સામે ઉપસ્થિત રહેલી કેટલીક યુવતીઓએ ચોંકાવનારી કબૂલાત પણ કરી છે. ઉંડી તપાસ કરવામાં આવ્યા બાદ ટોળકીના સભ્યોની પાસેથી તપાસ સંસ્થાના અધિકારીઓને એક ટાર્ગેટ લિસ્ટ મળી છે. એક ટાર્ગેટ લિસ્ટ મળ્યા બાદ તેમાં તપાસ ચાલી રહી છે. આ તમામ ૧૩ આઈએએસ અધિકારીઓને સુન્દર યુવતિઓને પોતાના પ્રેમ જાળમાં ફસાવી દીધા હતા.

### ટ્રેઈન શરૂ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળી નથી. પાટનગરનુ દેશના મોટા શહેરો સાથે રેલવે ટ્રેકથી જોડાણ થાય તે માટે અનેકવાર શહેર વસાહત મહામંડળ દ્વારા રજુઆતો પણ કરવામાં આવી રહી છે. જયારે કલોલ ખોડીયાર જંકશનથી આગળ વધતી ટ્રેઈનને વાયા ગાંધીનગર દોડાવવા માટે પણ અનેકવાર રજુઆતમાં જણાંવાયુ છે. ત્યારે હોટલ નિર્માણના પ્રોજેકટનુ કામ પુર્ણ થયા બાદ કેપિટલ સ્ટેશનને વધુ નવી ટ્રેઈન ફાળવવામાં આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

### લાભ આપો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી હતી. જયારે વિજકંપનીઓએ ગ્રાહકલક્ષી આયોજન કરી ગ્રાહકોની ફરિયાદો સાંભળવા કસ્ટમર્સ મીટનુ આયોજન કરવુ જોઈએ તેવી પણ રજુઆત મહામંડળે કરી હતી. ખાસ કરીને ફીક્ષ ચાર્જ તેમજ વિજબીલના ચુકવણા માટે ઈ સી એસ યોજનાનો અમલ કરવા માટે પણ જર્કની સલાહકાર સમિતિ સમક્ષ પ્રબળ રજુઆત કરી હતી.